૬

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૮૫/૧૮–૧૯/ 1387 તારીખ 10 APR 2019

**આર.પી.એ.ડી.**

**"૨૩મી એપ્રીલે ગુજરાત કરશે મતદાન"**

કેસ નં.૧૮૫/૧૮–૧૯

પ્રતિ,
**શ્રી રમેશભાઈ છગનભાઈ ભિલોટા,**
ખાંટડી, વાડી વિસ્તાર,
તા.ઘોઘા, ભીખડા,
જી.ભાવનગર.
**મો.નં. ૯૭૨૩૯ ૭૫૭૫૯.**

વિષય : નવું ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબત.

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૮/૦૨/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮૫/૧૮–૧૯/૧૦૪૮ તા.૧૫/૦૩/૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮૫/૧૮–૧૯/૧૧૧૯ તા.૨૨/૦૩/૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૪/૦૪/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ભાવનગર ગ્રામ્ય.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૮૫/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી રમેશભાઈ છગનભાઈ ભિલોટા

◆ **વિરૂધ્ધ** ◆

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◆ **રજુઆતની તારીખઃ– ૦૪.૦૪.૧૯** ◆

હાજર રહયા :– શ્રી રમેશભાઈ છગનભાઈ ભિલોટા – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એન. કે. ચુડાસમા, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી રમેશભાઈ છગનભાઈ ભિલોટા, મુ.ખાંટડી, તા.ઘોઘા, જી.ભાવનગરની નવું ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૮૫/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૮૫/૧૮–૧૯/૧૦૪૮ તા.૧૫.૦૩.૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૪.૦૪.૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી શ્રી રમેશભાઈ છગનભાઈ ભિલોટા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એન. કે. ચુડાસમા, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ તા.૨૮.૦૬.૨૦૧૦ ના રોજ સર્વે નં.૩૦, ગામ–ખાંટડી ખાતે છગનભાઈ ચૌહાણના નામે કનેકશન માંગેલ, જેની માપણી કરવા આવેલ ત્યારે એ સર્વે નંબરમાં કનેકશન હોય ઓફીસ દવારા જણાવવામાં આવેલ કે એક નામ પર બીજુ કનેકશન મળી શકશે નહી, જો વારસાઈ થાય તો જ આ કનેકશન મળી શકે.

૧.૨ ત્યારબાદ મારા પિતાજીનું મૃત્યુ થયેલ અને સર્વે નંબરમાં વારસાઈ કરાવેલ હોય આ કનેકશનનું અંદાજપત્ર આપવા વિનંતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ છગનભાઈ સવાભાઈ ચૌહાણ દવારા વરતેજ સ.ડી. માં ખાટડી ગામના રેવ.સ.નં.૩૦ માં રૂા.૨૦૦/– પહોંચ નં.૭૨૯૧૩૫ થી તા.૨૭.૦૬.૨૦૧૦ ના રોજ ભરી, નવા ખેતીવાડી વીજજોડાણની માંગણી કરેલ જેનો જી.પી. નં.૨૯૧૦ છે.

૨.૨ જેના અનુસંધાને સદર અજરી અન્વયે અરજદારનો વારો આવતાં વરતેજ સ.ડી. તરફથી વર્ષ ૨૦૧૪ ની સાલમાં સ્થળ પર જરૂરી સર્વે હાથ ધરતાં, અરજદારના સર્વે નં.૩૦ વાળી જમીનમાં છગનભાઈ સવાભાઈ ભીલોટાના નામનું ગ્રાહક નં.૩૬૭૨૨/૫૦૦૩૮/૧ થી એ–૧ ટેરીફનું ૧૫ હો.પા.નું વીજજોડાણ આવેલ હોવાથી સદર સ્થળ પર એક વીજજોડાણ હોવાથી અન્ય બીજુ વીજજોડાણ જી.યુ.વી.એન.એલ. ના પત્ર નં.જીયુવીએનએલ/ટી/એજી. કને./૨૩૭૬ તા.૨૮.૦૯.૨૦૧૨ મુજબ ન મળી શકે.

૨.૩ તેથી અરજદારને વરતેજ સ.ડી. તરફથી એક સર્વે નંબરમાં બીજુ વીજજોડાણ ન મળી શકે અને અરજી રદ કરવા માટેની નોટીસ નં.૬૫૬૪ તા.૧૮.૦૯.૨૦૧૪ થી મોકલાવેલ હતી અને જે તે સમયે છગનભાઈ સવાભાઈ ભીલોટા હયાત જ હતાં, તેઓ તા.૧૮.૦૧.૨૦૧૮ ના રોજ અવસાન પામેલ.

૨.૪ ત્યારબાદ અરજદાર દવારા સદર અરજી અન્વયે વીજજોડાણ લેવા માટે અરજી કરેલ પરંતુ એક વીજજોડાણ હોવાથી આ અરજી રદ કરવાની નોટીસ અરજદારને આપવામાં આવેલ હતી તેમજ અરજદાર દવારા છગનભાઈ સવાભાઈ ભીલોટાના નામની માંગણીની અરજી અન્વયે અરજદાર દવારા વીજજોડાણ આપવા માટેની અરજી કરેલ, જેના અનુસંધાને સ્થળ પર સર્વે હાથ ધરતાં, અરજદારના ભાગમાં આવેલ જમીન કે જેનો સર્વે નં.૩૦ પૈકી ૨ છે તેમાં પાણીનો કોઈ સ્ત્રોત માટે કુવો કે બોર આવેલ છે જ નહી. આ કારણોસર અરજદારને સદર અરજી અન્વયે વીજજોડાણ મળી શકે નહી.

૨.૫ તેમજ જે તે સમયે અરજદારને અરજી રદ કરવા માટેની નોટીસ મોકલવામાં આવેલ, જેના અનુસંધાને અરજદાર દવારા ભવિષ્યમાં જમીનના ભાગલા પાડીને વીજજોડાણ લેશું તેવો કોઈ પત્ર વ્યવહાર કરેલ નથી. આથી અરજદારની અરજી અરજદારને મોકલાવેલ નોટીસ મુજબ રદ કરીને દફતરે કરેલ.

૨.૬ આથી છગનભાઈ સવાભાઈ ભીલોટા ના નામની અરજી અન્વયે અરજદારને વીજજોડાણ મળવાપાત્ર છે જ નહી કારણકે આ અરજી તો જે તે સમયે નોટીસ આપીને રદ કરીને દફતરે કરી દીધેલ હતી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી છગનભાઈ સવાભાઈ ભીલોટાએ ખાટડી ગામનાં સર્વે નં.૩૦ માં તા.૨૮.૦૬.૨૦૧૦ ના રોજ નવું ખેતીવાડી વીજજોડાણ લેવા માટે અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદી દવારા ક્રમાનુસાર વારો આવતાં વાદીના વીજજોડાણ માટેનો સર્વે કરતાં માલુમ પડેલ કે સર્વે નં.૩૦ માં છગનભાઈ સવાભાઈ ભીલોટાના નામનું ખેતીવાડી વીજજોડાણ ગ્રા.નં.૩૬૭૨૨/૫૦૦૩૮/૧ થી ૧૫ હો.પા.નું હયાત હતું.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૩ જે તે વખતનાં પ્રવર્તમાન નિયમ મુજબ એક જ સર્વે નંબરમાં બે ખેતીવાડી વીજજોડાણ આપી ન શકાવાથી પ્રતિવાદીએ પત્ર નં.૬૫૬૪ તા.૧૮.૦૯.૧૪ થી વાદીની અરજી રદ કરેલ અને વાદીને તેની જાણ કરેલ.

૩.૪ વાદી અરજદારનાં પિતા ગુજરી જતાં તેમજ સર્વે નં.૩૦ માં ભાગ પડવાથી વાદીનાં ભાગમાં સર્વે નં.૩૦/૨ ની જમીન આવવાથી વાદીએ પ્રતિવાદીને તા.૨૭.૦૬.૧૦ ની તેઓની ખેતીવાડી વીજજોડાણ માટેની અરજી પરથી અંદાજપત્ર આપવાનું જણાવેલ, જે પ્રતિવાદીએ આપેલ નહી તેથી વાદીએ ફોરમને રજુઆત કરેલ.

૩.૫ પ્રતિવાદીએ વાદીનાં વીજજોડાણ અંગેની અરજી જે તે વખતનાં નિયમ મુજબ રદ કરેલ હોવાથી વાદીની જુની અરજી તા.૨૮.૦૬.૧૦ પરથી અંદાજપત્ર આપી શકાય નહી માટે વાદીની રજુઆત માન્ય રાખવામાં આવતી નથી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૫ મુજબ વાદીની અરજી રદ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. ગાજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.: ભાવનગર.**

તારીખ :– ૦૪.૦૪.૨૦૧૯

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.